# ૫ ઘર એક શાળા

A8D6Z1

આપણું ઘર આપણી પ્રથમ શાળા છે. ઘરના સભ્યો આપણું કુટુંબ (family-ફેમિલી) છે. આપણે કુટુંબમાંથી ઘણુંબધું શીખીએ છીએ. આપણે બીજે ક્યાંયથી શીખીએ તેના કરતાં વધુ કુટુંબમાંથી શીખીએ છીએ. એટલે જ આપણે કુટુંબથી વધુ નજીક હોઈએ છીએ. ચાલો, આપણે કુટુંબ વિશે વિચારીએ અને તેના વિશે વાતો કરીએ.

કુટુંબના સભ્યો સાથેનો એક ફોટો ચોંટાડો અથવા દોરો.

W6I6B9

દૈનિકપત્રો, મેગેઝિન કે અન્ય સાહિત્યમાંથી કુટુંબના વિવિધ ફોટા એકઠા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



❇ તમારા કુટુંબમાં કોણ-કોણ છે ? તેઓનાં નામ અને એમનો સંબંધ લખો.

| નામ | સંબંધ | નામ | સંબંધ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

❇ તમારા કુટુંબના કોઈ પણ બે સભ્યો વચ્ચેનો સંબંધ લખો.

પતિ-પત્ની, ભાઈ-બહેન, માતા-દીકરી (પુત્રી)

| તમારા કુટુંબના બે સભ્યોનાં નામ | | તેઓનું સગપણ |
|---|---|---|
| રમેશભાઈ | રૂપલ | મામા-ભાણેજ |
| | | |
| | | |



## વિચારો અને કહો :

❇ તમારું નામ શું છે ?

❇ કુટુંબના સભ્યો લાડથી તમને શું કહે છે ?

❇ તમે તમારા કુટુંબના સભ્યોને કેવી રીતે બોલાવો છો ?

❇ પાછળના પાનાં પર આપેલા ચિત્રને સાવચેતીપૂર્વક જુઓ. શું ચિત્રમાં બે વ્યક્તિઓ સરખા (similar-સિમિલર) જેવાં દેખાય છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



શું તમારી અને તમારા કુટુંબના કોઈ સભ્યની વચ્ચે વાત કરવામાં, ચાલવામાં, હસવામાં અથવા દેખાવની રીતે સમાનતા છે ? કોની સાથે અને કેવી રીતે છે ?

ચાલો, હવે સલમાનના કુટુંબ વિશે જાણીએ. સલમાનના કુટુંબના વડીલ સભ્યો ધોબીનું કામ કરે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



કુટુંબના સભ્યો કપડાં ધોવામાં, સૂકવવામાં અને ઈસ્ત્રી કરવામાં એકબીજાંને મદદ કરે છે. સલમાન અને તેના કુટુંબી રફિક પણ સલમાનના કુટુંબ દ્વારા થતું આ કામ શીખે છે.



## યાદ કરો અને લખો :

❇ શું આપનું કુટુંબ પણ કોઈ કામ સાથે જોડાયેલું છે ? જો હા, તો શું ?

________________________________________

________________________________________

❇ તમે ઘરમાં કયાં-કયાં કામમાં મદદ કરો છો ?

________________________________________

________________________________________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આપણે આપણા કુટુંબના સભ્યો પાસેથી ઘણું શીખીએ છીએ. સલમાન અને રફિક તેઓના કાકા પાસે સાઈકલ ચલાવતાં શીખે છે.

## વિચારો અને કહો :

તમે પણ તમારા કુટુંબ પાસેથી ઘણું શીખો છો. તમે કયાં કામ કોની જોડેથી શીખ્યાં ? શું તમારી પાસેથી કોઈ કશું શીખે છે ?

## વિચારો અને લખો :

કોને ક્યારે મળો છો ? લખો.

- જ્યારે ઉદાસ હોઉં છું, ત્યારે ______ પાસે જાઉં છું.
- હું ભૂતકાળ વિશે જાણવા માંગું છું, ત્યારે ______ પાસે જાઉં છું.
- મારે ખાનગી વાત કહેવી હોય, ત્યારે ______ પાસે જાઉં છું.
- જ્યારે મારાથી કંઈ ખોટું થાય ત્યારે ______ પાસે જાઉં છું.

સુરેખાના કુટુંબનો નિયમ (rule-રુલ) છે કે, બધાંએ ઘરમાં પ્રવેશ કરતાં પહેલાં ચંપલ ઉતારીને આવવું. સુરેખાના કેટલાક મિત્રો ચંપલ ઉતાર્યા વગર ઘરમાં પ્રવેશ્યા. સુરેખાના દાદા તેનાથી ગુસ્સે થયા.

શું તમારા ઘરમાં પણ કોઈ આવા નિયમો પાળવામાં આવે છે ? તે કયા-કયા છે ?

______________________________

______________________________

______________________________

બાળકો સાથે ચર્ચા કરો કે તેમના કુટુંબના અલગ અલગ-સભ્ય કેવી રીતે હસે છે, સ્મિત કરે છે, ગીત ગાય છે વગેરે. આ તેઓને તેમના કુટુંબના સભ્યો વિશે વિશેષ જાણકારી મેળવવા મદદ કરશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## વિચારો અને કહો :

- તમારા ઘરના કયા સભ્યને તે ખુશ હોય ત્યારે હસવાની આદત (habit-હેબિટ) છે?
- તમે ખુશ હોય ત્યારે શું કરો છો ?
- હસવા ઉપરાંત ખુશ થનાર વ્યક્તિ બીજું શું-શું કરે છે ?
  - તમે તમારા ઘરના કયા-કયા વડીલોને કેવી રીતે માન આપો છો ?
  - તમારી આસપાસ જુઓ અને જાણો કે બીજાં કેવી રીતે અન્યને માન આપે છે.



## જાણો અને કહો :

- ઘરના વડીલો નાના હતા ત્યારે શું-શું કરતા હતા ?
- ઘરના વડીલો પાસેથી તેમની રમૂજી ઘટનાઓ સાંભળો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in